ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૩૨/૨૨-૨૩/ 3118 તારીખ : 28 SEP 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ભરતસિંહ કરણસંગભાઈ ગોહિલ,**
**તરેડ રોડ, ચુણા,**
**તા.મહુવા,**
**જી.ભાવનગર**

કેસ નં.૩૨/૨૨-૨૩

**મો.નં- ૯૮૯૮૩ ૬૧૦૬૯**

**વિષય : ખેતીવાડી નોર્મલ વારાનું એસ.પી.એ. નું વિજ કનેકશન ન મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૩૦/૦૭/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૪/૦૮/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૨/૨૨-૨૩/૨૫૫૫ તા.૦૬/૦૮/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૨/૨૨-૨૩/૨૬૫૧ તા.૨૪/૦૮/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૨/૨૨-૨૩/૨૮૩૩ તા.૦૯/૦૯/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૬/૦૯/૨૦૨૨, તા.૨૦/૦૯/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ,ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
***.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **બગદાણા.**

P.G.V.C.L. Bhavnagar Consumer Grievance Redressal Forum

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૩૨/૨૧–૨૨**

વાદી :– **શ્રી ભરતસિંહ કરણસંગભાઈ ગોહિલ,**

**◈ વિરૂધ્ધ ◈**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**◈ રજુઆતની તારીખ:– તા.૦૬/૦૯/૨૦૨૨, તા.૨૦/૦૯/૨૦૨૨ ◈**

હાજર રહયા :– **શ્રી ભરતસિંહ કરણસંગભાઈ ગોહિલ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એમ.કે.ભીંગરાડીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ભરતસિંહ કરણસંગભાઈ ગોહિલ, મું.ચુણા,તા.મહુવા, જી.ભાવનગર ની ખેતીવાડી નોર્મલ વારાનું એસ.પી.એ. વિજ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૨/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૨/૨૨–૨૩/૨૫૫૫ તા.૦૬/૦૮/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા <u>તા.૦૬/૦૯/૨૦૨૨ તથા તા.૨૦/૦૯/૨૦૨૨</u> ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ભરતસિંહ કરણસંગભાઈ ગોહિલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે<u>તા.૦૬/૦૯/૨૦૨૨</u> ગેરહાજર રહેલ છે જયારે <u>તા.૨૦/૦૯/૨૦૨૨</u> ના રોજ શ્રી એમ.કે.ભીંગરાડીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર નવીન ખેતીવાડી વિજ જોડાણની અરજી ફોર્મ ભરેલ છે. તથા જરૂરી ચાર્જ ભરી આપવા છતાં આજ દિન સુધી નવા વિજજોડાણનુ સર્વે કરવામાં આવ્યું નથી.

૧.૨ અમો અરજદાર નવીન ખેતીવાડી વિજ જોડાણના વારાને ઓવરટેક કરીને ૧૯,૨૦ તથા ૨૧ ની સાલના ખેતીવાડી વિજ જોડાણ આપી દીધેલ.

૧.૩ અમો અરજદાર નવીન ખેતીવાડી વિજ જોડાણ માટે અવાર નવાર બગદાણા ઓફીસે આવેલ. પરંતુ, વારા પ્રમાણે વિજ જોડાણ મળશે તેવું જણાવેલ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી ગોહિલ ભરતસિંહ કરણસિંહ દ્વારા નવા ખેતીવાડી વિજ જોડાણ માટે તા.૧૮/૧૨/૨૦૧૯ ના રોજ રૂા.૨૩૬/– પહોંચ નં–૮૦૮૪૩૭/૩૮/૩૯ થી બગદાણા પેટા વિભાગીયમાં અરજી કરેલ. સદર અરજદાર દ્વારા કરવામાં આવેલ નવા ખેતીવાડી વિજ જોડાણ માટે વિજ કંપની ના નિયમ મુજબ ક્રમાનુસાર વારો આવતા બગદાણા પેટા વિભાગીય દ્વારા સ્થળ સર્વેક્ષણ કરેલ.

૨.૨ અરજદાર ના નવા ખેતીવાડી વિજ જોડાણ માટે વિજ કંપની ના નિયમાનુસાર નવા દસ્તાવેજી પુરાવા આપવા માટે તા.૧૩/૦૨/૨૦૨૦ આઉટવર્ડ નં–૭૩૯ બગદાણા પેટા વિભાગીય કચેરી દ્વારા લેખિતમાં જાણ કરેલ. સદર વિજ જોડાણ માટેના બગદાણા પેટા વિભાગીય કચેરીના હાજર રેકોર્ડ તપાસ કરતા જી.પી. રજીસ્ટરમાં સદર અરજદારને નોટીસ પાઠવેલ તેમજ તેમની નોંધ બગદાણા પેટા વિભાગીય કચેરીના આઉટવર્ડ રજીસ્ટર તેમજ સર્વિસ પોસ્ટલ સ્ટેમ્પ રજીસ્ટરમાં થયેલ છે અને અરજદારને આપવામાં આવેલ નોટીસ તેમને મળેલ હોય, જેની આરપીએડી સ્લીપ પોસ્ટ ઓફીસ દ્વારા બગદાણા પેટા વિભાગીય કચેરીને મળેલ.

૨.૩ તેમજ અરજદાર દ્વારા બગદાણા પેટા વિભાગીય કચેરીએ જયારે પણ આવતા તેમને વારંવાર બગદાણા પેટા વિભાગીય કચેરી દ્વારા મૌખિક જણાવેલ કે નવા વિજ જોડાણની અરજીને છ મહિના થી વધુ સમય થયેલ હોય, નવા દસ્તાવેજી પુરાવા ૭–૧૨, ૮–અ, ૬–હકકપત્રક, તેમજ અરજી સમયે જુના દસ્તાવેજી પુરાવામાં કુલ મુખત્યારનામું (વર્ષ–૨૦૧૭ ના રોજ કરેલ) હોય તેમજ રૂા.૫૦/– ના સ્ટેમ્પ પેપર પર સોગંદનામું કરેલ હોય સંમતિપત્ર (રૂા.૩૦૦/– સ્ટેમ્પ પેપર) આપવા જણાવેલ. પરંતુ, આજદિન સુધી અરજદાર દ્વારા બગદાણા પેટા વિભાગીય કચેરીએ નવા દસ્તાવેજી પુરાવા તેમજ નવા સંમતિપત્ર (રૂા.૩૦૦/– સ્ટેમ્પ પેપર) આપેલ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદીશ્રી ગોહિલ ભરતસિંહ કરણસંગભાઈ, ગામ–મોણપર, તા.મહુવા, જી.ભાવનગર દ્વારા તેમના ખેતીવાડી વિજ કનેકશન માટે તા.૧૮/૧૨/૨૦૧૯ ના રોજ રજી.ચાર્જ ભરી આપવા છતાં, લાંબા સમય સુધી વિજ કનેકશન ન મળવા તથા તેમના પછીના વારા વાળા અરજદારોને કનેકશન આપી દેવા બાબતની ફરીયાદ ફોરમને કરેલ છે.

૩.૨ તા.૦૬/૦૯/૨૦૨૨ ની પ્રથમ સુનાવણીમાં વાદી હાજર રહી, તેમની રજૂઆત કરેલ. પરંતુ, પ્રતિવાદી હાજર ન રહેતા, તા.૨૦/૦૯/૨૦૨૨ ના રોજ બીજી સુનાવણી રાખવામાં આવેલ. જેમાં, બંને પક્ષો હાજર છે તથા વધુ મૌખિક રજૂઆતો કરી દસ્તાવેજો રજૂ કરેલ છે.

૩.૩ પ્રતિવાદીના જણાવ્યા મુજબ વાદીનો કનેકશન નો વારો આવતા પ્રતિવાદીની કચેરી દ્વારા તા.૧૩/૦૨/૨૦૨૦ ના પત્ર નં–૭૩૯ થી વાદીને નવા દસ્તાવેજો રજૂ કરવા જણાવવામાં આવેલ. જેવાદીને મળ્યા અંગેની પોસ્ટ ખાતાની પહોંચ આજરોજ રજૂ કરેલ છે. ત્યારબાદ, પણ વાદીને છ માસથી વધુ સમય થઈ જવાથી સ્ટેમ્પ પેપર તથા અન્ય દસ્તાવેજો રજૂ કરવા જણાવેલ. જે વાદીએ રજૂ ન કરતા, કનેકશન આપવાની કાર્યવાહી થઈ શકી નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૪ વાદી દ્વારા આજરોજ સુનાવણીમાં રજી.એડીની પહોંચ પરની સહી પોતાની ન હોવાનું જણાવી, અવાર નવાર ધક્કા ખાવા છતાં, કનેકશન ન મળ્યા અંગેનું તથા નાયબ ઈજનેર, બગદાણા દ્વારા ખરાબ વર્તન કર્યા અંગેની રજૂઆત કરેલ છે.

૩.૫ આ તબક્કે ફોરમને જણાય છે કે, વાદીને તા.૧૩/૦૨/૨૦૨૦ ના રોજ નોટીસ આપ્યા બાદ પણ પ્રતિવાદીની કચેરીએ કોઈ જ કાર્યવાહી કરી નથી. આવા સંજોગોમાં વાદી વિજ કનેકશન મેળવવા હક્કદાર છે.

૩.૬ આથી, હુકમ કરવામાં આવે છે કે, આજરોજની સુનાવણીમાં થયેલ ચર્ચા મુજબના માલીકી હકક ના દસ્તાવેજો રજૂ કર્યેથી પ્રતિવાદીએ અરજદારને માંગેલ જગ્યા પર વિજ કનેકશન આપવા ઝડપી કાર્યવાહી કરવી.

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– ૨૦/૦૯/૨૦૨૨.